## આંક – ૧ હેઠળ હુકમ

૧. અરજદારની અરજી તથા તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. અરજદારના વિ.વ.શ્રીને સાંભળ્યા. અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩ અન્વયે દાખલ કરેલ છે.

૨. અરજદારે પોતાની અરજીના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | સામાવાળા વિનોદભાઈ અમૃતલાલ અધ્વર્યુ ની જુબાની. | આંક–૦૬ |
| ૨. | અરજદાર આલકુભાઈ આપાભાઈ ખુમાણ ની જુબાની. | આંક–૦૯ |
| ૩. | સાહેદ ભરતભાઈ કાળુભાઈ ખુમાણ ની જુબાની. | આંક–૧૦ |
| ૪. | સાહેદ હકુભાઈ ભાણભાઈ ખુમાણ ની જુબાની. | આંક–૧૧ |

**દસ્તાવેજી પુરાવો**

| | | |
|---|---|---|
| ૧. | સામાવાળાનો જવાબ | આંક–૦૫ |
| ૨. | અપ્રાપ્ય પ્રમાણપત્ર | આંક–૦૭ |
| ૩. | અરજદારના આધારકાર્ડની નકલ માર્ક–૩/૨ | આંક – ૮ |
| ૪. | જાહેર નોટીસ – વર્તમાનપત્રની નકલ. | આંક–૧૩ |
| ૫. | કલોઝીંગ પુરશીશ. | આંક–૧૪ |

૩. અરજદાર તરફે રજુ થયેલ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો અરજદારના જન્મની નોંધ સામાવાળાના દફતરે થયેલ નથી. અરજી વિરૂધ્ધ કોઈ વાંધાઓ રજુ થયેલ નથી તેમજ અરજદારની અરજીમાં જણાવેલ વિગતોને સમર્થન મળી રહે છે. અરજદાર તરફે રજુ થયેલ સાહેદોનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં અરજદારની જન્મતારીખ ૦૧/૦૧/૧૯૭૯ હોવાનું ફલિત થાય છે. જે હકીકતને અરજદાર તરફે રજુ થયેલ મૌખિક પુરાવાથી અરજદારની અરજીને સમર્થન પ્રાપ્ત થાય છે. સામાવાળાએ રજુ કરેલ મૌખિક પુરાવો ધ્યાને લેતાં સને ૧૯૭૯ નાં જન્મ

રજીસ્ટરમાં અરજદારનાં જન્મની નોંધ થયેલ નથી તેવું ફલિત થાય છે. અરજદાર જે તે સમયે શરતચુકથી ઉપરોકત નોંધ કરાવી શકેલ નથી. અરજદારને અરજીમાં જણાવેલ કામે પોતાના જન્મના દાખલાની જરૂર હોવાનું જણાય આવે છે.

**૪.** આમ, ઉપરોકત વિગતે અરજદારની અરજીની હકીકતોને મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ હોય તેમજ અરજદારની અરજી મંજુર થવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:– હુ ક મ –:**

**૧.** અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

**૨.** સામાવાળા જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી, નગરપાલિકા સાવરકુંડલા, નગરપાલિકા કચેરી, તા.સાવરકુંડલા, જી.અમરેલીને એવો હુકમ કરવામાં આવે છે કે તેમણે અરજદાર પાસેથી નિયમ મુજબની જરૂરી ફી વસુલ લઈ નીચેની વિગતે તેઓના જન્મની નોંધ કરવી.

**અરજદારનાં જન્મની વિગત**

૧. નામ – આલકુભાઈ　　　૨. પિતાનું નામ – આપાભાઈ ખુમાણ

૩. જાતિ – પુરૂષ　　　૪. જન્મ તારીખ – ૦૧/૦૧/૧૯૭૯

૫. જન્મસ્થળ – સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

– હુકમ આજરોજ જાહેર કર્યો.

સાવરકુંડલા.
તા. ૦૬/૧૨/૨૦૨૨

દશરથસિંહ જાલમસિંહ પરમાર
પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,સાવરકુંડલા.
જી.જે.૦૧૧૭૧